

# અનુપમની હે અમૃતધારા...!



~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

'શ્રીમદ્ ભગવદ્ ગીતા' પારાયણ,
અનુપમ મિશન, ઉપાસનાધામ, અમદાવાદ,
૨૭ જાન્યુઆરી, ૨૦૧૮

(ગતાંકથી આગળ...)

**પછી** ભગવાને ત્રણ ગુણની, માયાની વાત કરી. ત્રણ ગુણમય ભાવ અને માયા જેનાથી આપણે સૌ મોહિત થયા છીએ. *'આ ત્રણ ગુણમય ભાવોથી આખું જગત મોહિત છે. તેથી એનાથી પર એવા મને, અવિનાશીને કોઈ તત્ત્વથી નથી જાણતું.'* ભગવાને અહીંયાં કહ્યું કે, 'ત્રણ ગુણ - તમોગુણ, રજોગુણ, સત્ત્વગુણ - એનાથી આખું જગત મોહિત છે, એનાથી પર હું છું એમ તું મને માન.' એટલે ગુણાતીત-ગુણથી ઉપર ઊઠી ગયેલા છે અને છતાંય ભગવાન શરીરના માધ્યમ દ્વારા જે કંઈ પણ ક્રિયાઓ કરે છે, પછી ભલે તે સુદામાના તાંદુલ ખાતા હોય પણ એમના મનુષ્ય શરીરના માધ્યમ દ્વારા થતી ક્રિયાઓમાં જે પરમ તત્ત્વ છે, તે તત્ત્વને કોઈ જાણી શકતું નથી. બધાં શરીરને જુએ છે અને શરીરની ક્રિયાઓથી શ્રી કૃષ્ણ તરીકે ઓળખે છે. અને એટલે જ તમે જુઓ, એ જે પરમ તત્ત્વ છે એને આપણે શરીરથી જોયું એટલે ગાયોની બાજુમાં ઊભું રહ્યું તો 'ગોપાલ' નામ આપ્યું. રાધાની બાજુમાં ઊભા રહ્યા - રાધાને પ્રેમ કર્યો તો 'રાધાકૃષ્ણ' કહ્યા. અર્જુનની બાજુમાં ઊભા રહ્યા તો 'નરનારાયણ' કહ્યા. કેટલાં બધાં નામ આપણે ભગવાન શ્રી કૃષ્ણને આપ્યાં, પણ તત્ત્વ તો એક જ, સદા દિવ્ય, સનાતન ! પણ જેને જે રૂપે જોયા તે રૂપે તેમને નામ આપ્યું. ભગવાન શ્રીકૃષ્ણનાં હજારો નામ છે, જેને આપણે વિષ્ણુસહસ્રના પાઠ તરીકે ભજીએ છીએ.

'આ દૈવીગુણમય મારી માયા તરવી ખૂબ જ મુશ્કેલ છે. પરંતુ મને જ જેઓ ભજે છે તેઓ જ આ મારી માયાને તરી જાય છે.' 'તેઓમાં પણ જે કાયમ મારામાં સ્થિર છે, અને અનન્ય ભક્તિ કરે છે તે અતિ ઉત્તમ છે, કેમ કે જ્ઞાનીને હું અત્યંત પ્રિય છું, અને એ જ્ઞાની મને પ્રિય છે.' સાચો જ્ઞાની કોણ છે ? જેની પાસે બહુ જ માહિતી હોય એને અત્યારના સમયમાં આપણે જ્ઞાની માનીએ છીએ, જે બધા વિષયોમાં પારંગત હોય એને આપણે જ્ઞાની માનીએ છીએ, જેને ગાયન આવડે, વાદન આવડે, નૃત્ય આવડે એને આપણે જ્ઞાની માનીએ છીએ. પણ ભગવાને જ્ઞાની કોને કહ્યો ? જ્ઞાનીને પ્રિય વસ્તુ શી ? હું - પ્રભુ. એ સિવાય એને બીજું કાંઈ પ્રિય નથી એવું જેને મનાઈ ગયું, સમજાઈ ગયું તે જ સાચો જ્ઞાની છે. બાકી બધા ચોપડીમાંથી વાંચીને સંભળાવનારા છે, માહિતી આપનારા છે. આજે આપણે ઇન્ફર્મેશન-માહિતીને જ્ઞાન માની લીધું છે. એ તો ગૂગલ ગુરુમાં જાવ તો બધું મળી જાય, કોઈ નિશાળમાં જવાની હવે જરૂર નથી. સંગીતના 'ઢ' પણ રાગ ને તાલનાં નામો ગૂગલમાંથી શોધીને સભામાં બોલતા થઈ ગયા છે અને એનાથી આગળ કયો રાગ ગાઈએ તો કયો રોગ મટે એ બધું પણ ગૂગલમાં મળે છે. પણ હમણાં ભજન ગાવાનું કહીએ તો કહે, 'મને નહિ ફાવે, આને કહો એ ગાશે.' તો એ જ્ઞાની કહેવાય ? જે જ્ઞાન તમને વર્યું છે અને જે જ્ઞાનને અંતે ભગવાન વરણીય થયા છે એવો જે જ્ઞાની, તે મને પ્રિય છે અને એને મારા સિવાય બીજું કાંઈ પ્રિય નથી; ભગવાનની આ વ્યાખ્યા છે.

ભગવાન કહે છે કે, *'આ બધા જ ભક્તો સારા છે, તેમાંય જ્ઞાની તો મારું સ્વરૂપ છે, એવો મારો મત છે, કારણ કે, મારી જ ઉત્તમ ગતિમાં એની બુદ્ધિ સ્થિર છે.'* ભગવાન શ્રી કૃષ્ણના સમયના અનેક ભક્તોમાં ભગવાને ઉદ્ધવજીને પોતાનું પ્રિય પાત્ર બતાવ્યા છે. કારણ કે, ઉદ્ધવ જ્ઞાની હતા. અને 'જ્ઞાની ભક્ત મને પ્રિય છે', એવું ભગવાને ઉદ્ધવને ધ્યાનમાં રાખીને ઉત્તમ ભક્તનું બિરૂદ આપ્યું. આપણી ભક્તિ પરંપરાનો સંપ્રદાય એ 'ઉદ્ધવ સંપ્રદાય' કહેવાય છે. આપણું મૂળ ઉદ્ધવ સંપ્રદાયનું છે. ઉદ્ધવજી, ભગવાન શ્રી કૃષ્ણ પાસેથી જે જ્ઞાન પ્રાપ્ત કર્યું, તે જ્ઞાનને પ્રૅક્ટિસમાં મૂકવાનો જેણે આપણને માર્ગ સમજાવ્યો તે જ્ઞાની પુરુષ ! જેઓ પોતે જ્ઞાનને માર્ગે ચાલ્યા અને બીજાને પણ જ્ઞાન અને પ્રકાશનો માર્ગ બતાવ્યો એ ઉદ્ધવજી. સ્વામિનારાયણ સંપ્રદાયમાં રામાનંદસ્વામી એ ઉદ્ધવજીનો અવતાર હતા. એમના થકી દીક્ષિત થયેલા નીલકંઠ એ સહજાનંદ સ્વામી ! અને એ સહજાનંદસ્વામીને આપણે ઈષ્ટદેવ સ્વરૂપે અહીંયાં પધરાવ્યા, તે આપણું મૂળ છે; આપણે એમનામાં સ્થિર થવાનું છે.

*'બહુ જન્મોને અંતે તત્ત્વજ્ઞાની 'આ સર્વ વાસુદેવ જ છે' એમ માનીને મને ભજે છે, આવા મહાત્મા અતિ દુર્લભ છે.'* વાસુદેવઃ સર્વમ્ ઇતિ. મારામાં બધું અને બધામાં હું, એવી જેને દૃષ્ટિ પ્રાપ્ત થઈ છે, જેને બધું જ પ્રભુમય દીસે છે અને જેનામાં બધું પ્રભુ જ છે; એવા મહાત્મા અતિ દુર્લભ છે. અનેક વર્ષો પછી એવા મહાત્મા મનુષ્ય શરીર ધરીને આપણા પૃથ્વીલોક પર આવે છે અને સૂતેલાઓને ફરીથી જગાડે છે. નવી પરંપરા, નવા સમયનું નવું જ્ઞાન, નવી સમજણ, નવી ભક્તિની રીતને ફરીથી પ્રસ્થાપિત કરીને આ ઉદ્ધવ સંપ્રદાયને

વધારે પુષ્ટ કરે છે. અને એટલે એને 'પુષ્ટિમાર્ગ' કહેવામાં આવે છે. ભગવાનનો સાચો ભક્ત છે, તો એ પુષ્ટિ કરે છે, અનુમોદન આપે છે, સહાય કરે છે, બિરદાવે છે અને 'શાબાશ છે' એમ કહીને હોંશ વધારે છે. આપણાથી બીજું કાંઈ ના થાય તો આટલું તો થાય કે ના થાય કે, 'તમે બહુ સરસ કર્યું, કહેવું પડે હોં ! અહીં દાખલ થઈએ ત્યારથી બધા કેવા એકદમ લાઈનબંધ બેઠા છે ! અહોહો કેવું સરસ સુશોભન કરેલું છે ! અહોહો ! ઠાકોરજીને કેવા વાઘા ધરાવ્યા છે !' આટલો પણ ગુણ લીધો, તો એ તો આપણાથી થાય એવું છે ને ? પણ એય આપણે કરતા નથી, તો આપણે આસુરી પ્રકૃતિના જીવ છીએ એ ભગવાન આગળ કહે છે.

જ્ઞાનની વાત થઈ ગઈ, ત્રણ ગુણની વાત થઈ ગઈ, હવે ભગવાન પોતાની સત્તાની વાત કહે છે અને એક બહુ જ જોરદાર વાત કહે છે કે, *હે અર્જુન ! પૂર્વે થયેલા અને વર્તમાનમાં રહેલા તથા ભવિષ્યમાં થનારા સર્વે ભૂતોને હું જાણું છું પણ મને કોઈ પણ નથી જાણતું.* પ્રથમના સત્યાવીશના 'વચનામૃત'માં એવા સાધુની વાત આવે છે કે, જે સાધુમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે. ભગવાન તો બધા ભજે છે અને ભગવાનનું સુખ તો બધાને ભોગવવું છે, પણ સમજણમાં ફેર પડે છે. તો કેવી સમજણ રાખીએ તો ભગવાનના સુખે સુખી થવાય ? તેવું ભગવાન સ્વામિનારાયણે આ 'વચનામૃત'માં સમજાવ્યું છે. એમાં ભગવાન એમ કહે છે કે, 'જે એવું માને છે કે, પૂર્વે જે થઈ ગયાં તે ઐશ્વર્ય, અત્યારે જે થઈ રહ્યું છે તે અને હવે પછી જે થશે તે; એના કરનારા મને મળ્યા એ પ્રભુ, તે કરી-કરાવી રહ્યા છે.' આગળ કહ્યું છે કે, 'જેનો વરસાવ્યો વરસાદ વરસે છે, જેનો તપાવ્યો સૂર્ય તપે છે અને એક જળના બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે ને એને હાથ-પગ-કાન-નાક ફૂટી નીકળે છે; એ બધું જે કરનારો છે તે મારો પ્રભુ છે અને તે મને મળ્યો છે એવું જે માને છે એવો જે સાધુ, તેનામાં હું અખંડ નિવાસ કરીને રહું છું.' અને એની સ્થિતિ કેવી છે ? તો 'ચાહે કોઈ મને હાથીએ બેસાડો, ચાહે કોઈ નાક-કાન કાપીને ગધેડે બેસાડે તોપણ મને સમ વર્તે છે, યુવાન કે વૃદ્ધ સ્ત્રીને વિષે સમભાવ છે અને કચરો ને કંચનને વિષે પણ જેને સમભાવ છે એવા જે સાધુ, એનામાં હું અખંડ નિવાસ કરું છું.' એ માટે ભગવાને અહીં કહ્યું કે, 'મારામાં જોડાયેલો, મારામાં સ્થિર થયેલો અને મારામય બની ગયેલો છે એનામાં હું અખંડ નિવાસ કરું છું.'

ભગવાન સ્વામિનારાયણે 'ભાગવત'માંથી અને 'ભગવદ્ ગીતા'માંથી આધાર લઈને ગરીબ ગામડિયાઓ - અઢારમી સદીના અભણ લોકો સમજી શકે તેવી રીતે 'વચનામૃત'ના માધ્યમ દ્વારા આ જ વાત સમજાવી છે. વચનામૃત ગઢડા પ્રથમ-૩૭માં કહ્યું કે, જે એવા ભક્ત છે એનાં દર્શનને તો હું પણ ઈચ્છું છું, એને દુખવતા થકા તો હું દુઃખી થઈ જઉં છું, મારા હાથ બંધાઈ જાય છે, કારણ કે ભક્ત મારામાં જોડાયેલો છે, મારામય બની ગયેલો છે. પ્રથમનું ૩૭-અગિયાર ઈલકાબનું વચનામૃત, એમાં આ જ વાત છે. 'ગીતા'ની વાત, 'ભાગવત'ની વાત 'વચનામૃત' અને 'સ્વામીની વાતો'માં સહેલી કરીને સમજાવી છે.

જે જે ભગવાન પ્રગટ થયા તે તે ભગવાનના સમયમાં આવા ભાવથી જેમણે જેમણે ભક્તિ કરી છે તે ભવસાગર તરી ગયા છે તેની કથાઓ પણ આપણે વાંચી છે, સાંભળી છે. કેવા કેવા સંજોગોમાં ભગવાને પોતાના ભક્તની રક્ષા કરવા માટે પોતાની અન્યથાકર્તુમ્ શક્તિનો ઉપયોગ કર્યો છે. પણ એ કર્તા-હર્તા છે એવું તો સ્વીકારો પહેલાં, તો એનું ધાર્યું થશે. એટલે પ્રભુની સત્તાના સ્વીકારની વાત વારંવાર કરી છે. અને એટલે ભગવાન કહે છે કે, 'તારા અનેક જન્મો થઈ ગયા, મારા પણ અનેક જન્મો થઈ ગયા એને હું જાણું છું.' અને હવે તો બધી જ વાત કરે છે કે, 'જે કંઈ પણ થાય છે તે મારે કારણે થાય છે.' અને બ્રહ્મમય જગતની વાત સમજાવીને ભગવાન નિષ્કામ કર્મયોગ તરફ લઈ જાય છે. *'પરંતુ, નિષ્કામભાવથી કર્મ કરનારાઓનાં પાપનો નાશ થયો હોવાથી, તેઓ રાગ-દ્વેષાદિ દ્વન્દ્વના મોહથી મુક્ત થઈ મને દૃઢવત્‌થી ભજે છે.'' જેઓ મારું શરણ લઈ ઘડપણ અને મરણથી છૂટવા માટે પ્રયત્ન કરે છે, તેઓ બ્રહ્મને તથા સંપૂર્ણ અધ્યાત્મને અને સંપૂર્ણ કર્મને જાણે છે.'*

ભગવાને જે આ કર્મયોગ, સંન્યાસયોગ, ભક્તિયોગ અને આગળ જે બધું કહ્યું, પણ નિષ્કામભાવથી, રાગ અને દ્વેષથી ઉપર ઊઠી જવાની વાત પણ ભગવાને સમજાવી છે. રાગ છે એટલે દ્વેષ થવાનો છે. ત્રાજવાને બે પલ્લાં છે, એ આમથી આમ થવાનું. કોઈકને વિષે ભાવ છે એટલે બીજાને વિષે તમને અભાવ થવાનો છે. રાગ અને દ્વેષ જેને શાસ્ત્રોએ દ્વંદ્વ કહ્યું. આ બાજુ કે આ બાજુ આપણું પલ્લું હાલક-ડોલક ચાલ્યા કરે છે. અને વિજયની વરમાળા વરવી હોય તો બંને પલ્લાં સરખાં ને સ્થિર કરીને ઊભા રહેવું પડે અને ફરતી માછલીનું પ્રતિબિંબ જળમાં જોવું પડે. આ બધાં દૃષ્ટાંતો આપણને અદ્ભુત જીવનનો સંદેશો આપી જાય છે. રાગ અને દ્વેષથી ઉપર ઊઠી જવું. પેલા નવના મિશ્રણમાંથી ઉત્પન્ન થયેલું આપણું શરીર ને વળી પાછું આ શરીરને ગમતું-ના ગમતું, ભાવતું-ના ભાવતું, ફાવતું-ના ફાવતું છે. જ્યારે ચાલશે, ફાવશે અને ભાવશે; એ સાધુઓની સ્થિતિ છે. કારણ કે, જે કંઈ પણ આવીને તેમને મળે છે, તેને તેઓ પ્રભુના પ્રસાદ તરીકે સ્વીકાર કરે છે. કર્તા-હર્તા પ્રભુ છે. 'એક દિન હાથી, એક દિન ઘોડા, એક દિન પૈદલ ચલના જી, સદા મગનમેં રહેના જી.' કોઈ પણ સંત લો, જે સ્થિતિ પ્રભુએ નિર્માણ કરી છે તે મારા સારા માટે કરી છે તેમ માનીને જીવે છે. તો જેણે ચાલશે, ફાવશે અને ભાવશેનો સ્વીકાર કર્યો એ સાધુ છે. કારણ કે, કર્તા-હર્તા, પ્રેરક-પ્રવર્તક અને નિયંતા એ છે, જે મને મળ્યા છે. એ જો કર્તા-હર્તા, પ્રેરક-નિયંતા હોય તો એમણે જે મોકલ્યું તે સુખ-દુઃખ મનમાં ના આણીએ રે... પણ તોય ટાઢું-ઊનું થાય છે. તપી જવાય છે. આ દ્વંદ્વથી ઉપર ઊઠીને *જેઓ મારું શરણ લઈને ઘડપણ અને મરણથી છૂટવા માટે પ્રયત્ન કરે છે, તેઓ બ્રહ્મને તથા સંપૂર્ણ અધ્યાત્મને અને સંપૂર્ણ કર્મને જાણે છે.*

ઈતિ શ્રી શ્રીમદ્ ભગવદ્ ગીતાનો સાતમો અધ્યાય સમાપ્ત. **(ક્રમશઃ)** ◆